૩૧૫૩

મુંબઈ બેટની ભૂગોળ.

૨૧૫૩ —— ૩૧૫૪

વિદ્યાર્થીઓને સારૂ

રચનાર

અમરતલાલ નારણદાસ લ્હેરી.

મુંબઈ:

જ., બી., મરઝબાનનાં "સ્ટેન્ડર્ડ પ્રીંટીંગ પ્રેસમાં" છાપી છે

કિંમત સવા આનો.

સૂચના.

નિશાળમાં શિખતા વિદ્યાર્થીઓનેજ ભૂગોળ શિખવાની જરૂર છે, એટલુંજ નહિ પણ દરેક કોઇ માણસને તે જાણવાની જરૂર છે. હર કોઇ ગામ, શેહેર, જીલ્લા, પ્રાંત, ઇલાકા, દેશ અને ખંડમાં દાખલ થતાંજ જે તે ગામ, અને શેહેર વગેરેથી જે પુરૂષો માહિતગાર થયેલા હોયછે તેમને તે ગામ અથવા શેહેરમાં શું શું જોવા લાયક છે અને તે ક્યાં છે વગેરે જાણવાનો અને જોવાનો આધાર બીજા ઉપર રાખવો પડતો નથી. જેઓને ભૂગોળનું સારૂં જ્ઞાન હોયછે, તેઓતો દરેક ગામ કે શેહેરના ભોમિયાજ ગણાય છે.

મુંબઇ બેટ એક ગામ કે નાના શેહેર જેવડું મોટું તો નથી, પણ, જોવા તથા જાણવાની બાબતમાં, એક ગામ તથા જીલ્લાથી મોટું છે. માટે મુંબઇ શેહેરમાં શિખનારા વિદ્યાર્થીઓ ઉપરાંત તે શેહેરમાં આવનાર દરેક માણસને મુંબઇ બેટની ભૂગોળની બહુ જરૂર છે. આની જરૂરીઆત મને ઘણા વખતથી જણાઇ હતી તેથીજ હું પ્રથમમાં **બાળમિત્ર**માં તેને લખતો હતો.

ાળમિત્રમાં છપાયેલી મુંબઇ બેટની ભૂગોળ ઘણા મે-
રઓ તેમજ છોકરાંઓને પસંદ પડવાથી ઘણાઓની
ી મારા પર થવા લાગી. આ ઉપરથી મેં બાળમિત્રમા
ભૂગોળમાં કેટલોક સુધારો તથા વધારો કરી હાલમાં તેને
વું પુસ્તક તરીકે છપાવી છે.

ક વિદ્વાન પુરૂષો કોઇ દેશ, ખંડ કે પૂર્વ અને પશ્ચિમ
ની ભૂગોળથી જેટલા માહિતગાર થયેલા હોયછે તેટલા
ા પોતાના શેહેરથી માહિતગાર જણાતા નથી. માટે મુંબઇ
હેરમાં વસનારા અને તેને જોવાને સારૂ પરદેશથી આવનાર જીજ્ઞાસુ સ્ત્રી પુરૂષોને તેમજ મુંબઈ શેહેરમાં શિખતા વિદ્યાર્થીઓને તે બહુ ઉપયોગી થઇ પડશે એવી આશા છે.

…મી આગસ્ટ ૧૮૮૭. **મ. ન. [illegible].**

આવેલાં છે તેનાં નામ:—કોલાબા, ચર્ચગેટ, મરીનલાઇન, ચર્નીરોડ, ગ્રાંટરોડ, માહાલક્ષ્મિ, પરેલ, એલફીસ્ટન, દાદર, અને માહીમ. જી. આઇ. પી. રેલવેના સ્ટેશનો જે મુંબઇમાં આવેલાંછે તેનાં નામ; બોરીબંદર, મસીદબંદર, ભાયખલા, ચીચપોગલી, કરી રોડ, પરેલ, દાદર. એ સ્ટેશનોમાં બોરીબંદરનું સ્ટેશન મુંબઇ ઇલાકામાં તો શું પણ આખા ભરત ખંડમાં સર્વેથી મોટું અને જોવા જોગ છે.

મુંબઇ શેહેર.

મુંબઇ શેહેર હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા પર એક ટાપુમાં આવેલું છે. અને તે એક અગત્યનું અને મોટામાં મોટુ બંદર છે. અને અંગ્રેજ સરકારનું હિંદુસ્થાનમાં પશ્ચિમ તરફનું મૂખ્ય રાજધાનીનું શેહેર છે.

મુંબઇ બેટમાં પ્રથમ હીંદુ રાજાઓ રાજ કરતા હતા. તેમાં પ્રથમ ભીમરાજ નામનો રાઠોડ રજપુત હતો. તેના મરણ પછી તેનો દીકરો પ્રતાપસીંગ ગાદીએ બેઠો પણ તેનામાં દમ ન હોવાથી તેના સાળા નાગરશાએ મુસલમાનોની મદદ લઇ પ્રતાપસીંગને ઉઠાડી પોતે બેઠો. ત્યાર પછી ઇ૦ સ૦ ૧૩૦૮ માં અલાઉદ્દીન ખુની નામના મોગલ બાદશાહએ એ બેટ જીતી લીધો. પછી વલંદા લોકોએ વેપાર અર્થે આવી એ શેહેરમાં કોઠી ઘાલી. પછી ધીરે ધીરે પોર્તુગીજોનું જોર વધ્યું અને પોતે ધણી થઇ બેઠા. પછી ઇંગ્લાંડના બીજા ચાર્લસ રાજા સાથે પોર્તુગાલના રાજાએ પોતાની છોકરી કેથેરાઇનને પરણાવી તેની પહેરામણીમાં એ બેટ તેને આપ્યો, ઇ૦ સ૦ ૧૬૬૨ માં. એ સપાટ મેદાન છે; તેની આજુબાજુએ કેટલાક ઊંચા ડુંગરા આવેલા છે. એ સપાટ મેદાન ૧૧ મૈલ લાંબું અને ૩ મૈલ પોહોળું છે. એ બંનેનો ઘેરાવો ૨૦ મૈલ કરતાં પણ વધારે છે. કોટ બાહાર કોટ અને મેહેમ સુધીની મુંબઇની વસ્તી ઇ૦ સ૦ ૧૮૮૧ ની ગણત્રી પ્રમાણે ૭૫૫૦૨૬ માણસની છે. પણ હાલમાં આસરે ૮૦૦૦૦૦ ગણાય છે એ વસ્તીમાં ઘણું કરીને અડધા હિંદુઓ છે અને બાકીનામાં મુસલમાન,

ઓરીશ, કામા હાસપીટાલ, એલફીસ્ટન હાઇ સ્કૂલ, સેન્ટઝેવીઅર કાલેજ, ગોકળદાસ તેજપાલ ઇસ્પીટાલ, નોવેલટી થીએટર, આર્ટ સ્કૂલ, અંગ્રેજોનાં બચ્ચાંની સ્કૂલ.

ક્રાફર્ડ મારકીટ.

ક્રાફર્ડ મારકીટનું બજાર હિંદુસ્તાનમાં મોટાંમાં મોટું ગણાય છે. તેમાં તરેહવાર જાતનાં ફુળ ફળાદિથી તે તમામ કરીયાણા વગેરે સાક ભાજીપાલો વગેરેથી ખીચોખીચ દુકાનો ભરેલી છે. તે મી૦ આર્થર ક્રાફર્ડે બંધાવી હતી, તે પરથી એનું નામ ક્રાફર્ડ મારકીટ પાડયું છે. એની પાસે મુક્તી ફાૈજનું મંદીર અને જાફરસુલેમાન બૈરાં છોકરાંની ઇસ્પીટાલ છે.

પ્રિન્સિસ ડાક.

એમાં સરકારી મોટી ગોદી જેમાં મોટી મોટી મનવારોની મરામત થાય છે ને તેમાં દરરોજ લાખો કરોડો રૂપિયાનો માલ આવજા થયાં કરે છે. જેથી કરીને તે માલોના સામટા જથા રાખવા સારૂ દરેક જાતના માલના જૂદા જૂદા બંદરો કીધાં છે. જેવાં કે માંડવી, કરનાક, ચોખા, લાકડાં, ઘાસ, દાણા, કોપરા વગેરે વગેરે. વળી ત્યાં મોટાં મોટાં કારખાનાઓ ખાનગી સાહાસથી ઉઘાડવામાં આવ્યાં છે.

મજગામ.

એમાં સર જમશેદજી જીજીભાઇ બારોનેટનો બંગલો મજગામ કાસટલને નામે ઓલખાય છે તે, માનકેશ્વર મહાદેવનું દેહેરૂ, પાદરીઓનું મથક, ને નનને રહેવાનું ઠેકાણું.

મારકીટ.

એમાં મંગલદાસ—મુલજી—વરજીવનદાસ, ને લખમીદાસ કાપડ બજારો. જુમામસીદ—બંગડી—ગાંધી, મણીયાર ટોપી—વગેરે બજારો; ખલાશી ચકલો વગેરે.

માંડવી.

એમાં તમામ કરીયાણા અનાજ તમાકુ વગેરે વગેરે, વસ્તુઓની મોટી મોટી વખારો, ખોજા મોહોલો, લેટા મોહલો, જકડીયાની મસીદ વગેરે વગેરે.

અને કરનસી બેંક, વકીલ, બારીસ્ટર, અને વેપારીઓની આફીસ, કંપનીઓની આફીસ, સેન્ટ થોમસનું દેવલ વગેરે છે.

સરકલ.

મુંબઇ, ચાર્ટર, મરકનટાઇલ બેંક, ટાઉન હાલ, ટંકશાલ, કમરશીઅલ ઓફીસ, ચાહે, રૂ, સેર, નુર વગેરેના બજારો. મોટા સોલીસીટર અને જબરા વેપારીઓની આફીસો, દુકાનો, અંગ્રેજ અને પારસી વગેરેની છોકરા છોકરીઓની ખાનગી સ્કૂલો, ટેલીફોનની ઓફીસ, અંગ્રેજ, પારસી, ભાટિયા વગેરેના મોટા મોટા ઘરો, બરાખ, ફોર્ટ હાઇ સ્કૂલ, પ્રોપ્રાયટરી સ્કૂલ, બાઇ ભીખાઇજી શોરાબજી બંગાલી કન્યાશાળા વગેરે.

બજાર ગેટ.

પરચુરણ નાની દુકાનો, ગણબાવાનો કુવો, બમનજી બાવાનું બાવલું માણેકજી શેઠની મોટી ધર્માદા વાડી, પારસી અને ભાટિયાઓનાં મોટાં મોટાં ઘરો, ગોકલદાસ તેજપાલની કન્યાશાળા, ગેટી થીએટર વગેરે.

મોદીખાનું.

બે ત્રણ બંદરો, ટ્રામવેના પાટાઓ ને મજગામ સુધી જવાનું જંકસન, (વિકટોરીઆ તરમીનસ,) બોરીબંદરનું જી. આઇ. પી. રેલવેનું સ્ટેશન જે સઉથી મોટામાં મોટું ને આખા હીંદુસ્તાનમાં શ્રેષ્ટ છે. આઇસ ફેકટરી, ભાટિયાઓના મોટા ઘરો, યુરોપીયન જેનરલ હસ્પીટાલ વગેરે.

બહારકોટના વિભાગો.

૧ મેદાન. ૨ એસપ્લેનેડ. ૩ ધોબીતળાવ. ૪ મારકીટ. ૫ માંડવી. ૬ ભુલેશ્વર. ૭ ખેતવાડી. ૮ ઉમરખાડી. ૯ ભીંડી બજાર. ૧૦ ગીરગામ. ૧૧ ચોપાટી. ૧૨ વાલકેશ્વર. ૧૩ ખંભાલાહીલ. ૧૪ તારદેવ. ૧૫ કામાટીપુરા. ૧૬ મજગામ. ૧૭ ડુંગરી. ૧૮ ખોજામહોલો. ૧૯ ગોવાલીઆ. તળાવ ૨૦ ગ્રાંટરોડ. ૨૧ મહાલક્ષ્મી.

મેદાન.

મેદાનમાં મહારાણી કેસરેહિંદ વિકટોરિયાનું બાવલું, જીમખાનું, કાળા લોકોની લશ્કરી છાવણી, નવી પોલીસ

ઓફીસ, કામા હાસપીટાલ, એલફીસ્ટન હાઇ સ્કૂલ, સેન્ટઝેવીઅર કોલેજ, ગોકળદાસ તેજપાલ ઇસ્પીટાલ, નોવેલટી થીએટર, આર્ટ સ્કૂલ, અંગ્રેજોનાં બચ્ચાંની સ્કૂલ.

ક્રાફર્ડ મારકીટ.

ક્રાફર્ડ મારકીટનું બજાર હિંદુસ્તાનમાં મોટાંમાં મોટું ગણાય છે. તેમાં તરેહવાર જાતનાં ફૂળ ફૂળાદિથી તે તમામ કરીયાણા વગેરે સાક ભાજીપાલો વગેરેથી ખીચોખીચ દુકાનો ભરેલી છે. તે મી૰ આર્થર ક્રાફર્ડે બંધાવી હતી, તે પરથી એનું નામ ક્રાફર્ડ મારકીટ પાડયું છે. એની પાસે મુક્તી ફોજનું મંદીર અને જાફરસુલેમાન બૈરાં છોકરાંની ઇસ્પીટાલ છે.

પ્રિન્સિસ ડાક.

એમાં સરકારી મોટી ગોદી જેમાં મોટી મોટી મનવારોની મરામત થાય છે ને તેમાં દરરોજ લાખો કરોડો રૂપિયાનો માલ આવજા થયાં કરે છે. જેથી કરીને તે માલોના સામટા જથા રાખવા સારૂ દરેક જાતના માલના જૂદા જૂદા બંદરો કીધાં છે. જેવાં કે માંડવી, કરનાક, ચોખા, લાકડાં, ઘાસ, દાણા, કોપરા વગેરે વગેરે. વળી ત્યાં મોટાં મોટાં કારખાનાઓ ખાનગી સાહાસથી ઉઘાડવામાં આવ્યાં છે.

મજગામ.

એમાં સર જમશેદજી જીજીભાઇ બારોનેટનો બંગલો મજગામ કાસટલને નામે ઓલખાય છે તે, માનકેશ્વર મહાદેવનું દેહેરૂ, પાદરીઓનું મથક, ને નનને રહેવાનું ઠેકાણું.

મારકીટ.

એમાં મંગલદાસ—મુલજી—વરજીવનદાસ, ને લખમીદાસ કાપડ બજારો. જુમામશીદ—બંગડી—ગાંધી, મણીયાર ટોપી—વગેરે બજારો; ખલાશી ચકલો વગેરે.

માંડવી.

એમાં તમામ કરીયાણા અનાજ તમાકુ વગેરે વગેરે, વસ્તુઓની મોટી મોટી વખારો, ખોજા મોહોલો, લેટા મોહલો, જકડીયાની મસીદ વગેરે વગેરે.

ભુલેશ્વર.

મહારાજોની હવેલી—ભુલેશ્વરનું અને મામાદેવીનું દેરૂં, રૂ, અફીણ વગેરેના સટા બજાર, ચોકસી, જવેરી અને જડીયા બજાર, ભુલેશ્વર લાયબ્રેરી, માધવબાગ, બોઇવાડો ગુલાલવાડી, કાંદાવાડી, ફનસવાડી, ઘોઘારી મોહોલો વગેરે.

ખેતવાડી.

એમાં પારસીઓની વસ્તી છે ને ત્યાં કામા બાગ, હોરમજ બાગ વગેરે પારસીઓને લગન કરવાની વાડીઓ છે. આર્ય સમાજ, પ્રાર્થના સમાજ, વીલસન કોલેજ, ગીરગામ પોલીસ કોર્ટ વગેરે.

ધોબીતળાવ.

બનાજીનું અથવા ધોબીતળાવ, નેટીવ જેનરલ લાયબ્રેરી, (ફરામજી કાવસજી ઇન્સ્ટીટયુટ,) પારસી ઓરતોને માટે સુવાવડખાનું દરીયા કિનારે, મનીસ્કૂલ, સ્માલકાજ કોર્ટ અને બાઇબલ સોસાઇટી ને ગવર્નમેન્ટ બૂક ડિપો વગેરે વગેરે.

કાળકાદેવી.

એમાં કાલકા દેવી–રામજી ને દ્વારકાનાથ, વિઠ્ઠલ વાડીનાં મંદીરો, મારવાડીની મોટી મોટી પેઢીઓ, ભાંગવાડી, મહાજનવાડી, લુવારચાલની ગલી વગેરે વગેરે.

ભાંયખલા પછીનો ભાગ.

૧ ભાયખલા. ૨. મતારપાખડી. ૩ ચીચપોગલી. ૪ પરેલ. ૫ નાયગામ. ૬ વરલી. ૭ શીવરી. ૮ દાદર. ૯ માટુંગા. ૧૦ માહીમ. ૧૧ ધારવી. ૧૨ સીમ.

ભાયખલા.

ભાયખલાનું જી. આઇ. પી. રેલવેનું સ્ટેશન, ભાયખલાનો પુલ, ઇ.ડી. તથા દેવીદ સાસુન રંગમેહેલ, જઇનનુ દેહેરૂં મોતીશાએ બંધાવેલું, એલફીનસ્ટન કોલેજ, વિકટોરીયા મ્યુજીયમ અને ગાર્ડન જે આખા હીંદુસ્થાનમાં સઉથી મોટા છે. એની કને ટ્રામવેનું મોટું સ્ટેશન, જૂદી

જુદી કાપડ, સુતરની તથા રેસમની મીલો. ખરસેદજી માણકજીનું બાવલું, અમેરિકન મીસનરીનું ખાતું અને ગવર્નમેન્ટ સોસાઇટી પ્રેસ અને ભાયખલા કલબ વગેરે વગેરે.

પરેલ.

સરકારી ગવરનરનો મેહેલ, અરદેસર વાડીયાનું લવજી કાસ્ટલ, ટ્રામવે સ્ટેશન, સરકારી વેટેનરી કોલેજ, લેડી સાકરબાઇ દીનશા પીટીટ જનાવરોની ઇસ્પીટાલ, વાઘેસરી માતાનું મંદીર, જી. આ. પી. અને બરોડા રેલવેનાં મોટાં મોટાં ગાડીઓ બનાવવાનાં કારખાનાંઓ અને જુદી જુદી કુંપનીઓની મીલો.

દાદર.

માંટુગાના હરમાન—જીવણ અને ચીમનબાગ, સર દીનસા પીટીટનો બગીચો વગેરે ખુલી જમીન પુષ્કળ છે.

મેહેમ.

મુસલમાનોની મોટી દરગા, કેથોલીકનું દેહરું, નાખુદા, પારસી, વાણીઆ, હોરાઓના દરીયા કિનારે બંધાવેલા બંગલાઓ. જોશી હલવાવાલાની મુખ્ય દુકાન અને મીઠાના અગરો.

બંદરો—નીકલ બંદર, માલેક બંદર, એલફીન્સ્ટન બંદર, કરનાક બંદર, મસીદ બંદર, મજગામ બંદર, પાલવા બંદર મોદીએ, આર્થર બંદર. માંડવી બંદર, કોલી બંદર, ચીચ બંદર, વાડી બંદર, ટાંક બંદર, કલેર બંદર, કોલસા બંદર, અને ઓરી બંદર છે; ગોદી ત્રણ છે કોટની, મજગામની, અને ત્રીજી પ્રિન્સીસડોક નામની ગોદી છે.

તળાવ—નાયગામ, પરેલ, કાવસજી પટેલનું, બાણુલાનું, સાંકલીયું, મુંમાદેવી, ભુલેશ્વર, વાલકેશ્વરનું, મહાલક્ષ્મીનું ગોવાળીયા અને ધોબીતળાવ. એ સિવાય બાબુલનાથ કને ડુંગર પર તથા વાડી બંદરના ડુંગર પર ઉચે બે તળાવો ખોદી કાઢયા છે ને તેમાં વેહાર, તુલશી અને તાનસાના તલાવનું પાણી લાવી સઘળા શેહેરને પુરું પાડેછે.

મુંબઇમાં હાઇ સ્કૂલો.

એલફીસ્ટન સ્કૂલ. ફોર્ટ હાઇ સ્કૂલ. સેન્ટઝેવીયર. બાબ્બે એસેમબ્લી. વીલસન. પ્રોપાયટરી. ચંદનવાડી. બાબ્બે. મની સ્કૂલ. રીપન સ્કૂલ. શંકરશેઠ હાઇ સ્કૂલ. કેથીડ્રલ હાઇ સ્કૂલ.

કોલેજો.

એલફીસ્ટન. સેન્ટઝેવીયર. વીલસન, ને ગ્રાન્ટ મેડીકલ કોલેજ.

બેટો.

૧ ક્રોસ આયલેન્ડ. ૨ ડોલફિન લાઇટ (જ્યાં હાલ દીવાદાંડી છે.) ૩ ઑઇસ્ટર રોક. ૪ મિડલ ગ્રાઉન્ડ શૉલ. ૫ એલીફન્ટા (ધારાપૂરી). એમાં અગાઉના વખતમાં ડુંગરોને કોતરી માંહે દેહેરાં, મ્હોટા ઓરડાઓ, ખાઇઓ વગેરે બનાવેલાં છે જ્યાં દર મોટી શીવરાત્રીએ જાત્રા ભરાય છે તથા લોકો અન્ય દિવસે પડાઉમાં અથવા હોડીમાં બેસી જોવા જાય છે.

ભૂશિર.

કોલાબાની. વાલકેશ્વરની. હાજી અલીની. મામાઅરજાની. વરલીની. શીવરીની.

દ્વીપકલ્પ.

વાલકેશ્વર, કોલાબા.

ડુંગર.

વાલકેશ્વર, ખંબાલા, રોલી, ભરવાડવાડા અને બરે, મંડલી.

ખાડી.

મેહેમની ખાડી મેહેમ અને વાંદરાની વચ્ચેછે.

સમુદ્ર.

આરબી સમુદ્ર મુંબઇની પશ્ચિમે છે.

અખાત.

મેહેમનો અખાત મેહેમની પશ્ચિમે.

એકબેનો અખાત—બેટની દક્ષિણે કોલાબા અને વાલકેશ્વરની વચ્ચે.

આરબી અખાત—મુંબઇ તથા કોકણની વચ્ચે.

ટ્રામ્વેના મુખ્ય સ્ટેશનો.

કોલાબા મોદીએ, ક્રાફર્ડ મારકીટ, કાલબાદેવી, ગીરગામ, પાયધોની, ગ્રાંટ રોડ, ભાયખલા, વીકટોરીયા ગારડન અને પરેલ. સઉથી મોટું સ્ટેસન કોલાબે છે.

હસપીટાલો.

સર જમશેદજી જીજીભાઇની નાગપાડે, ગોકલદાસ તેજપાલની ક્રાફર્ડ મારકીટ સામે, માણેકજી પીટીટની જકરીયા મસીદ કને, ખોજા મોહલામાં સાજનબાઇની, ધોબી તલાવ પર નેટીવ જનરલ ડીસપેનસરી, કાલકાદેવીપર હોમીયોપાથીક, બોરી બંદર કને જાફર સુલેમાન, ગોવાલીયા તલાવપર શંકર શેઠની ને મેદાનની વચોવચ બઇરાંઓને સારૂં કામા હાસપીટાલ છે. પરેલમાં જાનવરોને સારૂં લેડી સાકરબાઇ આસપીટાલ છે.

મુંબઇમાં જોવા લાયક જગ્યાઓ.

ટાઉનહાલ કે જે મુંબાઇની પ્રજાને ખરચે બંધાયલો હોવાથી તે લોકોની કંઇ કારણસરની મોટી જાહેર સભા ભરવી હોયતો ત્યાં ભરેછે. એમાં મોટા મોટા મહાન પુરૂષોનાં બાવલાં પણ ઘણાં જોવા લાયક છે.

કોલાબાની દીવાદાંડી, ઑબઝરવેટરી, ગાંડા માણસોની ઇસપીટાલ, ટાઉનહાલ, ટંકશાલ, રાજાબાઇ ટાવર, નવી હાઇકોર્ટ, સેક્રેટરીએટ, જનરલ પોષ્ટ આફીસ, ટેલીગ્રાફ આફીસ, સરકલ, ગોદી, પ્રિન્સીસડાક, વીક્ટોરીયા ગારડન, નોર્થબ્રુક ગારડન, આર્ટસ્કુલ, જીવન ચીમનબાગ, જીવરાજબાલુનો દરીઆમહેલ વગેરે.

રાજાબાઇ ટાવર—જે મુંબાઇમાં જાણીતા દલાલ પ્રેમચંદ રાયચંદે પોતાની સ્વર્ગવાસી માતા રાજાબાઇની યાદગીરીમાં બંધાવ્યો છે. તે મુંબઇમાં સર્વેથી ઉંચો છે. તેમાં એક મોટું ઘડીઆળ ગોઠવેલું છે જે પા પા કલાકે વાગે છે. તેમાં તરેહવાર જાતના રાગ ગોઠવેલા છે, જે કોઇ સારે દહાડે વાજાની પેઠે તેને વગાડવામાં આવે છે. રાત્રે તેમાં

. . .. . ઇલેક્ટ્રીક લાઇટ (વીજલીની રોશની) કરવામાં આવેછે, ત્યારે તેનો દેખાવ ઘણોજ ખુશનુમો લાગે છે.

પાલવાબંદર—કે જે એક નાનો સરખો છેક દરીઆની અંદર દક્કો બાંધેલો છે તે કંઇ માલ ઉતારવા ચડાવવાના કામ માટે નહીં પણ લોકોના સુખને માટે બાંધેલો છે. ત્યાં સાંજે તવંગર કે ગરીબ સર્વે લોક હવા ખાવા જાય છે. ત્યાં અઠવાડીઆમાં બે ત્રણ વાર બેંડ (વાજું) વાગે છે, જે સાંભળવાને સારી ઠઠ એકઠી મળે છે. એ સિવાય કોટમાં હાઇકોર્ટ, મ્યુનિસિપાલ આફીસ, સેક્રેટરી આફીસ, સેલર હોમ, કોલાબાની દાંડી, ગોદી, કસ્ટમ હાઉસ, પ્રિન્સીસ ડાક, પોર્ટટ્રસ્ટ, ટેલેગ્રાફ આફીસ, પોસ્ટ આફીસ, ટ્રામવેની કુંપની વગેરે બીજી ઘણીક ઇમારતો જોવા લાયક છે.

બાહારકોટમાં—ક્રાફર્ડ મારકીટ કે જે મુંબાઇના માજી મ્યુનિસિપાલ કમીશનર ક્રાફર્ડે રૈયતને પૈસે બાંધી હતી તે ઘણીજ જોવા લાયક છે. ત્યાં સઘળી જાતની વનસ્પતિ તથા ફુલ ફળાદિ મળી શકે છે.

કોટથી મહેમ જતાં વચમાં આવતા રસ્તાઓ અને જોવા લાયક જગાઓ.

કોટમાંથી નીકળ્યા કે બોરીબંદરના ગંજાવર સ્ટેશન પછી ક્રાફર્ડ મારકીટ આવે છે. ત્યાર પછી અલાહબાગ ને પાયધોની આવે છે. અહીંઆં ટ્રામવેનું એક મથક છે, ત્યાંથી નીકળ્યા કે સર જમશેદજી જીજીભાઇની ધર્મની હસ્પીટાલ આવે છે કે જ્યાં ગરીબ ગુરબાને મફત દવા મળે છે. ત્યાર પછી જી. આઇ. પી રેલવેનું ભાયખાલાનું સ્ટેશન આવે છે પછી ભાયખાલાનો પુલ આવે છે. ત્યાંથી નીકળ્યા કે વીકટોરીઆ ગારડન (રાણીનો બાગ) આવે છે. તેમાં દુનિયાના ઘણાખરા પદાર્થો જોવા લાયક છે. ત્યાર પછી કોલેજ આવે છે. ત્યાંથી આગળ ચાલ્યા કે ગ્યાસનું કારખાનું આવેછે અને તે પછી ચીંચપોગલી, પરેલ તથા ત્યાંથી આગળ જતાં માટુંગા, દાદર અને પછી મહેમ આવેછે.

કોટથી વાલકેશ્વર જતાં વચમાં આવતા ...

કોટમાંથી નીકળ્યા કે પેહેલું રાણીનું બાવલું, પછી મેદાન આવેછે, અને ત્યાર પછી એલફીન્સ્ટન સ્કૂલ; સેન્ટઝેવીઅર કૉલેજ, સ્મોલકાજ કોર્ટ, બાઇબલ સોસાઇટી, ગવર્નમેન્ટ સેંટ્રલ બૂક ડીપો, ધોબીતળાવ, ફરામજી કાવસજી ઇન્સ્ટીટયુટ અને ચરની વાડીના રસ્તા આવેછે. પછી આગળ ચાલતાં ચીરા બજાર અને સોનાપુરની ગલી આવેછે; ત્યાર પછી દાદીશેઠના આતસબેરામની ગલી અને પછી કરેલ વાડી ને ઠાકોરદ્વાર આવે છે. તે ગલીમાં વળીને આગળ ચાલતાં સામો દરીઆ કિનારો તથા બરોડા રેલવેનું ચર્નીરોડનું સ્ટેશન આવેછે. ત્યાંથી આગળ ચાલતાં આલબલેસ બાગની ગલી આવેછે અને ત્યાર પછી ચોપાટીનો રસ્તો, પછી બાબુલનાથ આવેછે, ત્યાંથી વળ્યા કે સીધેજ રસ્તે ચાલતાં છેક નાકે પોલીસ ચોકી આવેછે, ત્યાંથી આગળ ચાલતાં વાલકેશ્વરનું દેરૂં આવેછે, કે જ્યાં દર વરસે હિંદુઓની એ ત્રણ જાત્રા ભરાયછે. અને ત્યાર પછી છેક દરીઆ કિનારે આપણા નામદાર ગવરનર સાહેબને રહેવાને માટે સરકારી મેહેલ આવેલો છે.

ઉપજ.

રંગારા, ચમાર, કંસારા તથા બીજા કારીગરો પોતાનો હુન્નર એ બેટમાં કરે છે. પરંતુ સૌ કરતાં વધારે મોટો ધંધો સુતર કાંતવાનો અને કાપડ વણવાનો છે. એ બેટમાં વરાળયંત્રથી ચાલતાં કાંતવાનાં, વણવાનાં તથા ગાંસડી બાંધવાનાં હાલમાં ૬૦ કરતાં વધારે કારખાનાં છે, અને તેમાં ૩૭,૦૦૦ કરતાં વધારે માણસોની રોજી ચાલેછે. ખેતીના પાકમાં ડાંગર મુખ્ય છે. ભીંડી તથા વનસ્પતી પણ ઘણી થાયછે, અને મીઠાનાઅગર પણ છે. દરીઆના પાણીને વધતાં અટકાવી જમીન ઉપર રેલવે બાંધી સાષ્ટી જીલ્લા સાથે મુંબઇના ઉત્તર ભાગને હાલમાં જોડી લીધો છે. બાકી બધી બાજુએ દરીઓ આવેલો છે. હિંદુસ્થાનમાં સૌથી મોટામાં મોટાં બંદરોમાંનુ એ એક બંદર છે, તેમાં વહાણો ને આગબોટો નિરંતર જથાબંધ રહેછે. અને તે દુનિયાના સઘળા ભાગો તરફ આવજા કરેછે.